**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૨૪ જૂન, ૨૦૧૨)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)** **સત્સંગ પ્રાજ્ઞ - ૨ : પ્રશ્નપત્ર - ૧**

**નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.** **(કુલ ગુણ : ૧૦૦)**

**વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે**

**પ્રશ્ન. ૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. રાજાને ઠેકાણે કોણ છે અને ઘરના મનુષ્યને ઠેકાણે કોણ છે ?
૨. મહારાજને શા માટે વાત કરવી છે ?
૩. આ દેહમાંથી નીસરીને શું કરવાની વાસના રાખવાની છે ?
૪. મહારાજને શા માટે મૂળજી બ્રહ્મચારીના હાથની કરેલી સેવા જ ગમે છે ?

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. તપ વિના એવી સેવાએ કરીને ભગવાનને રાજી કરે તેમાં શો બાધ છે ?
૨. વિષય ટાળ્યાનું ઔષધ શું છે ?
૩. ભગવાનના દૃઢ ભક્તજનના હૈયામાં શું છે ?
૪. કલ્યાણના માર્ગમાં કોઈ પ્રકારનું વિઘ્ન ક્યારે ન આવે ?

**પ્રશ્ન. ૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં)** [૩]

૧. વૃક્ષના હલવાથી વાયુની પ્રતીતિ થાય છે.
૨. 'ભગવાનની મૂર્તિરૂપી ચિંતામણિ' દૃષ્ટાંત સમજાવો.
૩. વાંઝિયાને ઘેર દીકરો આવ્યો અને તે મરી જાય.

**પ્રશ્ન. ૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં)** [૪]

૧. વૈરાગ્યવાન લાલજી સુથારે પરણેલી સ્ત્રીનો ત્યાગ કરીને પરમેશ્વરનું ભજન કર્યું.
૨. પંચવિષયને જીતવામાં ખબડદાર એવા ગોવિંદ સ્વામી રાજાની બાની પાસે પોતાનું વસ્ત્ર મૂકીને ચાલ્યા ગયા.
૩. 'એક જમતાં બોલિયો શંખ, અસંખ્યથી શું સર્યું; એક જમીને બોલ્યો નિઃશંક, યમુના જાવા કર્યું.'
૪. ડૉક્ટરની સૂચના પ્રમાણે જ દવા લેવી જોઈએ - ઓછી કે વધારે નહિ.

**પ્રશ્ન. ૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો.** [૬]

૧. અને આવી વાત સાંભળીને ....... કોઈ મોટું સાધન નથી.
૨. અને અમારો તો એ જ ........ ખંડન થવા દેવી નહિ.
૩. માટે ભગવાન તો ........ તે સ્વતંત્ર થાય છે.

**વિભાગ - ૨ : 'ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૨, ૩ તથા ૪' - નવી આવૃત્તિના આધારે**

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. સમાજોદ્ધારક શ્રીહરિ
૨. શ્રીજીમહારાજે કરાવેલ ઐશ્વર્યદર્શન
૩. ભૂલેલાના પથદર્શક

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. સ્વભાવ દોષથી પ્રગટ શ્રીહરિની અવગણના
૨. 'આજ તો ભગવાન મુમુક્ષુને ખોળે છે.' શ્રીજીના જીવનમાં ચરિતાર્થ થતી ઉક્તિ
૩. વિરોધ વચ્ચે શ્રીજીમહારાજે કરેલા યજ્ઞો

**પ્રશ્ન. ૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો. (પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. આણંદમાં શસ્ત્ર સામે ક્ષમાની જીત
૨. શ્રીજીમહારાજને લોલંગર પર વ્યાપેલો ક્રોધ
૩. સ્વાદને અર્થે મૂર્તિ ભૂલીને જમે તે દેહને અસર કરે
૪. અમારે બ્રાહ્મણોની ચોરાશી થઈ ગઈ
૫. તમારી ગાળો અમને મીઠી લાગી

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૨-૧"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

તારીખ મહિનો વર્ષ

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- [ ][ ] [ ][ ] [ ][ ][ ][ ]

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્રશ્ન. ૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. નિષ્કુળાનંદ સ્વામી

૨. આનંદ સ્વામી

**વિભાગ - ૩ : બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ - સંક્ષિપ્ત જીવનચરિત્ર નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો.** [૧૨]

૧. અક્ષરધામની ઑફિસ

૨. સારંગપુર મંદિર નિર્માણમાં યોગીજીની સેવા

૩. તેથી અંતરે શાંતિ છે - યોગીરાજ

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર પ્રસંગો લખો. (દરેકમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૬]

૧. સત્સંગ પત્રિકાના પ્રવર્તક યોગીજી મહારાજ

૨. સંતસેવાના ઉત્સુક ઝીણાભગત

૩. યોગીજી મહારાજે પૂરેલા પરચા

૪. જીવની દયા દેહની નહિ

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગ વર્ણવી મનન લખો.** [૬]

૧. નરનારાયણના દ્વારે : સાધુઓનો ધૂંબા ઉત્સવ

૨. ભેંસદડમાં વેઠેલો ભીડો

૩. બંધિયામાં યુવકોને દંડવત્

૪. ગોંડલમાં સર્પદંશ અને રક્ષા

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ) (પાંત્રીસ થી ચાલીસ લીટીમાં)** [૧૫]

૧. અક્ષરબ્રહ્મનો સ્વર્ણિમ મહિમા (સ્વામિનારાયણ પ્રકાશ - ઑક્ટોબર - ૨૦૧૧)

૨. ભારતના ભાગ્યોદયનું અભિયાન : મંદિરો અને સંતો (સ્વામિનારાયણ પ્રકાશ - જુલાઈ - ૨૦૧૧)

૩. પ્રમુખસ્વામીનું ક્રાંતિસભર આંદોલન - વ્યસનમુક્તિ (સ્વામિનારાયણ પ્રકાશ - જુલાઈ - ૨૦૧૧)

❋ ❋ ❋

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૫ જુલાઈ, ૨૦૧૨ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/**